માન.અધ્યક્ષશ્રી,

માન.સહકાર મંત્રીશ્રી, જગદીશભાઇ વિશ્વકર્મા આજે સને ૨૦૨૪નું વિધેયક ક્રમાંક.૭ સન ૨૦૨૪નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક લઇને આવ્યા છે. તેમાં હું મારા મંતવ્ય રજુ કરૂ છું.

માન.અધ્યક્ષશ્રી,

- ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ–૧૯૬૧ તથા ગુજરાત મહકારી મંડળીઓ નિયમો–૧૯૬૫ અંતર્ગતની મુખ્ય કામગીરી સહકારી ધોરણે સ્થાપીત થવા માંગતી સહકારી મંડળીઓનું રજીસ્ટ્રેશન કરવાની છે.

- કાયદાની કલમ–૪ મુજબ જે મંડળીનો હેતુ સહકારી સિદ્ધાંતો અનુસાર પોતાના સભ્યોનાં અથવા લોકોના આર્થિક હિતો કે સામાન્ય કલ્યાણને આગળ વધારવાનો હોય તે મંડળીને અથવા આવી કોઇ મંડળીનું કામકાજ સરળ બનાવવાનાં હેતુથી સ્થપાયેલી કોઇ મંડળીને આ અનિધિયમ હેઠળ રજીસ્ટર કરી શકાય છે.

માન.અધ્યક્ષશ્રી,

- કાયદાની કલમ–૬માં સમવાયી સિવાયની સહકારી મંડળીઓની નોંધણી માટે ઓછામાં ઓછા ૧૦ પ્રયોજકો જોઇએ તેવી જોગવાઇ છે.

- જ્યારે સમવાયી સહકારી મંડળીની નોંધણી માટે ઓછામાં ઓછા ૧૦ મંડળી પ્રયોજકો હોવા જોઇએ. તથા કાયદાની કલમ–૯ હેઠળ કોઇપણ મંડળીનું રજીસ્ટ્રેશન કરવા અંગેની કાર્યરીતી અન્વયે દિશા નિર્દેશ કરવામાં આવેલ છે. જે અંતર્ગત મંડળીની નોંધણી માટેની અરજી કાયદા અને નિયમોની જોગવાઇ વિરૂદ્ધ ન હોય તો રજીસ્ટ્રેશન દ્વારા આવી મંડળીની નોંધણી કરવી જોઇએ તેમજ નોંધણી અંગેનું પ્રમાણપત્ર આપવું જોઇએ.

માન.અધ્યક્ષશ્રી,

- રાજ્યમાં સહકારી મંડળીઓની નોંધણીની વાત કરૂ તો.....
- ગુજરાત રાજ્યમાં ૮૭ હજારથી વધુ સહકારી મંડળીઓની નોંધણી કરવામાં આવેલ છે. રાજ્ય સરકારશ્રી દ્વારા સહકારી મંડળીની નોંધણી ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અંતર્ગત વર્ષ ૨૦૧૭થી IFP પોર્ટલ એટલે કે ઈન્વેસ્ટર ફેસીલીટિશન પોર્ટલ ઉપર કરવા નિર્ણય કરેલ છે.
- જેમાં અરજદાર મંડળીની નોંધણીનું સ્ટેટસ પણ જાણી શકે છે. તથા મંડળીની નોંધણી અંગે રેકર્ડ ડીઝીટલી સાચવવામાં આવે છે. અત્યાર સુધી ૧૧,૮૪૦ મંડળીઓનો રજીસ્ટ્રેશન ઓનલાઇન કરવામાં આવેલ છે. તથા મંડળીઓની નોંધણીની સમય મર્યાદા પણ ૬૦ દિવસથી ઘટાડીને ૪૫ દિવસ કરવામાં આવેલ છે.

માન.અધ્યક્ષશ્રી,

- સહકારી મંડળીની નોંધણી કરાવવા માટે જોઈતા દસ્તાવેજોની જાણકારીનાં અભાવે પ્રાયોજકોને સહકારી મંડળીઓની નોંધણી કરાવવા માટે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય તેના બદલે મંડળીના પ્રકારવાર નોંધણી સમયે દસ્તાવેજોની યાદી પરિપત્રીત કરવામાં આવેલ છે.
- ઉપરાંત આવા દસ્તાવેજોના આદર્શ નમૂનાઓ પણ તૈયાર કરીને મંડળીઓની નોંધણી પ્રક્રિયા સરળ બનાવેલ છે.

માન.અધ્યક્ષશ્રી,

- સહકારી ક્ષેત્રમાં દૂધ મંડળીઓ અને દૂધ સંઘોનો ફાળો પણ ખુબ જ મહત્વનો રહ્યો છે.
- રાજ્ય અને રાષ્ટ્રનાં આર્થિક તથા સામાજિક વિકાસમાં સહકાર ક્ષેત્રનું ખુબ મહત્વ રહેલ છે. તેમજ ગુજરાત રાજ્યનું સહકારી ક્ષેત્ર સૌનો સાથ અને સૌના વિકાસનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

માન.અધ્યક્ષશ્રી,

- રાજ્યનાં સહકારી ક્ષેત્રમાં જેનો અમૂલ્ય ફાળો છે. તેવા અમૂલનું યોગદાન પણ ખુબ જ મહત્વનું છે. અમૂલનાં આ વિશાળ વટવૃક્ષની શરૂઆત એક નાનકડા બીજ માંથી થઇ હતી.
- ખેડા જિલ્લાનાં દૂધ ઉત્પાદરોએ શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબની પ્રેરણાથી પોલસન ડેરી દ્વારા તથા તેઓનાં આર્થિક શોષણ વિરૂદ્ધ શ્રી ત્રિભુવનદાસ પટેલનાં નેતૃત્વમાં ઇ.સ.૧૯૪૬માં ખેડા જિલ્લાનાં સહકારી દૂધ ઉત્પાદક સંઘ એટલે કે અમુલ ડેરીની સ્થાપના કરવામાં આવી.

માન.અધ્યક્ષશ્રી,

- એક સમય એવો આવ્યો કે, જ્યારે ગુજરાતનાં સહકારી દૂધ ઉત્પાદક સંઘોને સમજાઇ ગયું કે અંદરો અંદરની હરીફાઇ દૂધ ઉત્પાદક સંઘ તેમજ દૂધ ઉત્પાદકો માટે નુકશાનકારક નિવડશે.

- જેમ જેમ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘો ક્રમશઃ વધ્યા તેમ બધા જ સહકારી દૂધ ઉત્પાદક સંઘોને લાગ્યું કે દૂધ ઉત્પાદક સંઘનો સમવાય માર્કેટીંગ સંઘ ઉભો કરવો જરૂરી છે.

- દૂધના વેપાર માંથી મળતા લાભો દરેક સંઘને સરખી રીતે મળી રહે, એકબીજા દૂધ સંઘો વચ્ચે સ્પર્ધાનું તત્વ નાબુદ થાય, ઉચ્ચ ગુણવત્તાવાળા દૂધના પદાર્થોનું ઉત્પાદન શક્ય બને અને પોતાની દરેકે દરેક પ્રવૃત્તિનું સુનિયોજીત સંકલન થઇ શકે તે માટે ૧૯૭૩નાં નવેમ્બર મહિનામાં ગુજરાત કો–ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનની સ્થાપન કરવામાં આવી.

માન.અધ્યક્ષશ્રી,

- આ ફેડરેશનની શરૂઆતમાં ૬ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘો અને ૪.૫૦ લાખ દૂધ ઉત્પાદક સભાસદો હતા. જે હાલમાં ૧૮ સંભ્ય સંઘો અને ૩૬ લાખ જેટલા દૂધ ઉત્પાદકોનું સંઘબળ ધરાવે છે.

માન.અધ્યક્ષશ્રી,

- અમુલ દ્વારા હાલમાં દરરોજનું ૨૯૦ લાખ લીટર દૂધ સંપાદન થાય છે. જેના માટે તેના સભાસદોને દરરોજ રૂ.૧૫૦ કરોડનું ચુકવણું કરવામાં આવે છે.

માન.અધ્યક્ષશ્રી,

- રાજ્યનું ડેરી માર્કેટ ૧ લાખ કરોડ પર પહોંચ્યું છે. તે ખુબ જ આવકારદાયક છે. દેશનાં દુરંદેશી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માહિલા સશક્તિકરણની વિચારધારાને સહકારી ડેરી ક્ષેત્રએ પ્રબળ બળ પુરૂ પાડેલ છે.

- અને મારી આ બહેનોને મંડળીમાં ભરેલ દૂધના નાણાં જિલ્લાની સહકારી બેંકોના મારફતે સીધા તેમના ખાતામાં જમા આપવામાં આવે છે. અને તેઓનાં અણમોલ આર્શીવાદ દેશનાં વડાપ્રધાનશ્રીને મળે છે.

માન.અધ્યક્ષશ્રી,

- ૧૬ હજાર જેટલી ગ્રામ્ય કક્ષાની પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ, જે પૈકી ૩૪૦૦ દૂધ મંડળીઓ સંપૂર્ણપણે મહિલા સંચાલિત છે. તેના કુલ ૩૬ લાખ સભાસદો દૂધ ઉત્પાદન માંથી આવક મેળવી રહેલ છે. ઉપરાંત પશુદાણ, પશુ સારવાર, વીમો, પશુ માટે લોન જેવી બીજી અનેક વિધ સવલતો મેળવી રહેલ છે. અને અમુલને વધુ સબળ બનાવી રહેલ છે.

માન.અધ્યક્ષશ્રી,

- અમુલે ચીંધેલ માર્ગ અમુલ પુરતો સામિત ન રહેતા ગુજરાતનાં તમામ દૂધ સંઘને અમુલ પેટર્નનો લાભ મળી રહેલ છે. અમુલે માત્ર વેપારી સંસ્થા નહીં પણ કેળવણી આપનાર સંસ્થા કરી શકે તેવું કામ કરી રહી છે.

માન.અધ્યક્ષશ્રી,

- આ નાણાંકીય વર્ષમાં દુધ સહકારી ક્ષેત્રને પણ વધુ મજબુત બનાવવા, દૂધ મંડળીઓની નોંધણી અને કામગીરીમાં એકરૂપતા લાવવા તેમજ દૂધ મંડળીઓનાં ઓડીટ માળખાને વધુ સુદ્રઢ બનાવવા અમારી સરકાર સતત પ્રયત્નશીલ છે.

માન.અધ્યક્ષશ્રી,

- આજે રાજ્યમાં અનેક દૂધ સંઘો કરોડો રૂપિયાનાં પ્રોજેક્ટ આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને કાર્યાન્વિત થયેલ છે તેનાથી ડેરી સાથે સંકળાયેલા ગ્રામીણ પશુપાલકોના જીવનમાં પ્રકાશ પથરાવવાનો છે.
- ડેરીક્ષેત્રના આવકારદાયક વિકાસમાં આપણા ગુણવંતા ગુજરાત રાજ્યએ પણ અનેરો ભાગ ભજવેલ છે. ગુજરાત જ દેશનું એક એવું રાજ્ય છે કે જ્યાં પશુધન માટે હેલ્થકાર્ડ, પશુ આરોગ્ય મેળા, પશુઓનાં મોતિયાનાં ઓપરેશન જેવી સુવિધાઓ જોવા મળે છે.

માન.અધ્યક્ષશ્રી,

- દેશનાં સંતુલિત અને સમગ્રલક્ષી વિકાસ માટે ગુજરાતનાં વિકાસમાં સહકાર ક્ષેત્રના અભૂતપૂર્વ યોગદાનને ધ્યાને લઈ કેન્દ્ર સરકારે પણ આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીનાં ભાગરૂપે નવા સહકારીતા મંત્રાલયની રચના કરી છે. અને તેનું સુકાન ગુજરાતનાં પનોતાપુત્ર અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહબને સોંપ્યું છે. જે મંત્રાલયે ટૂંકા સમયગાળામાં સહકારી ક્ષેત્રના વિકાસ માટે નાના–મોટા ૧૦૦થી વધુ પગલાઓ લીધા છે.
- રાજ્યનાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને સહકારી મંત્રીશ્રી જગદીશભાઇ પંચાલનાં માર્ગદર્શન હેઠળ હાલમાં ગુજરાત રાજ્યની મોટા ભાગની પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ મંડળીઓએ મોડેલ બાયલોઝ અપનાવેલ છે.

- સહકારી ક્ષેત્ર તેના પરંપરાગત વ્યવસાયથી આગળ નીકળે એ માટે આપણાં લોકલાડીલા વડાપ્રધાનશ્રી મોદી સાહેબે રીફોર્મ, પફોર્મ અને ટ્રાન્સફોર્મનો નવતર અભિગમ અપનાવેલ છે.

માન.અધ્યક્ષશ્રી,

- કોરોના જેવી મહામારીના સમયમાં પણ રાજ્ય સરકારશ્રીએ કો–ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી અને કો.ઓપરેટીવ બેંકોના માધ્યમથી સભાસદોની રોજગારી મંળી રહે તે માટે ખુબ નજીવા દરે ધિરાણ મળી રહે તે માટે આત્મનિર્ભર ગુજરાત–૧ અને આત્મનિર્ભર–૨ યોજના અમલમાં મુકી સહકારી માધ્યમથી કપરા સમયમાં પણ સૌનો હાથ પકડી રાખેલ હતો.

માન.અધ્યક્ષશ્રી,

- આમ, સહકારી ક્ષેત્રમાં અનેકવિધ નીતિવિષયક નિર્ણયોના લીધે ભવિષ્યમાં આ ક્ષેત્ર દેશનાં વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી અને દેશના સહકાર મંત્રી અમીતભાઇ શાહનાં નેતૃત્વ હેઠળ દેશને વિશ્વની ત્રીજા નંબરની ઇકોનોમી બનાવવામાં મહત્વની ભુમિકા ભજવશે.

માન.અધ્યક્ષશ્રી,

- આમ, સહકારી મંડળીઓની નોંધણી માટે ટેકનોલોજી સાથે કદમ મિલાવીને અનેકવિધ નવોન્મેશયુક્ત પગલા લેવામાં આવેલ છે.

- આથી, માન.સહકાર મંત્રીશ્રી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ–૧૯૬૧માં સુધારા માટે જે બિલ લઈને આવ્યા છે. તેને મારૂ સમર્થન જાહેર કરૂ છું. અને સન્માનીય ગૃહને આ બિલ મંજુર કરવા વિનંતી કરૂ છું.